# 11

**સાબરકાંઠા જિલ્લામાં ઔદ્યોગિક એકમોમાં કર્મચારી/વર્કરોનું શોષણ**

*15/4/462 **શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા** (હિંમતનગર): **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમોમાં કર્મચારી/વર્કરોના શોષણ, અન્યાય સંદર્ભે કેટલી ફરિયાદો સરકારને મળી, અને | (૧) | ૪૯ |
| (૨) | ઉકત ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી? | (૨) | • ૨૪ ફરિયાદમાં પર શ્રમયોગીઓને રૂ.૧૦,૫૮,૮૭૩/-નુ સમજાવટથી ચૂકવણુ કરાવવામાં આવેલ છે.<br>• ૦૪ ફરિયાદમાં ૦૩ સંસ્થા વિરૂદ્ધ નામદાર અદાલતમાં કોર્ટ કેસ દાખલ કરેલ છે.<br>• ૦૨ ફરિયાદમાં ૦૨ સંસ્થા વિરુદ્ધ નામદાર લેબર કોર્ટમાં કેસ દાખલ કરવાની કાર્યવાહી હાથ ધરેલ છે.<br>• ૦૨ ફરિયાદમાં ૦૨ સંસ્થામાં સમાધાન થઇ જતા ફરિયાદ પરત ખેંચેલ છે.<br>• ૦૬ ફરિયાદમાં અરજદારોને ઔદ્યોગિક વિવાદ અધિનિયમ હેઠળના સક્ષમ સત્તાધિકારી સમક્ષ અરજી કરવા જણાવેલ છે.<br>• ૦૪ ફરિયાદમાં બાકી પગાર માટે નામદાર લેબર કોર્ટમાં રીકવરીની અરજી કરવા સલાહ આપેલ છે.<br>• ૦૧ ફરિયાદમાં ગ્રેજ્યુઇટીની માંગણી બાબતે મદદનીશ શ્રમ આયુક્તશ્રી, હિંમતનગર સમક્ષ અરજી કરવા સલાહ આપેલ છે.<br>• ૦૨ ફરિયાદમાં ૦૨ સંસ્થા દ્વારા કાયદાનું પાલન કરવામાં આવેલ છે.<br>• નિયામકશ્રી, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરીને મળેલ ૦૪ ફરિયાદ અન્વયે કુલ-૦૧ કારખાના વિરૂદ્ધ કુલ-૦૧ ફોજદારી કેસ કરવામાં આવેલ છે તથા અન્ય ૦૩ ફરીયાદોનો નિયમ અનુસાર નિકાલ કરવામાં આવેલ છે. |

..................